ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

બહાર નાં કોલાહલ વચ્ચે પણ મૌન
અંતરના કોલાહલ વચ્ચે પણ મૌન
શાંત ચિત્ત ,એકાગ્રતા વચ્ચે પણ મૌન
ભીડ ,એકલતા ,વચ્ચે પણ મૌન
બસ ચારેકોર હવાઓ માં પણ મૌન
હરપળ ,હરક્ષણ ભીતર વચ્ચે પણ મૌન
હર કોલાહલ વચ્ચે પણ મૌન
મૌન મૌન ને મૌન નું સામ્રાજ્ય હોય
ને,રહે સ્થિતપ્રજ્ઞતા વચ્ચે પણ મૌન

- નલિની રાવલ

## પાથેય

- રમેશ ઠક્કર

### મૌનની શિસ્ત

ઘણીવાર આપણે લોકોના કહેતા સાંભળીએ છીએ કે ' હું તો એકાંતપ્રેમી છું.." કેટલાક વળી નિજાનંદી હોવાની વાત કરે છે..જાત સાથે સંવાદ કરવાની શિખામણ પણ મળતી રહે છે..માણસ એકલો પડી શકે ખરો ? હકિકત એ છે કે માણસમાત્ર લાગણીભૂખ્યો હોય છે..એને બીજાની સામે વ્યક્ત થવું ગમે છે..કોઇકની સાથે વાત કરવું પસંદ પડતું જ હોય છે !

એક આદર્શ તરીકે કદાચ એવું કહી શકાય કે જાત સાથે જીવવું એ જ ઉત્તમ છે..માણસે મૌનનો ખૂબ મહિમા કર્યો છે..કોલાહલ પણ કુદરતી છેશે કદાચ ભૂલી જવાય છે..મૌનનો પડઘો હોય છે ! સાચું કહીએ તો આપણે અવ્યક્ત રહી જ શકતા નથી..બોલ્યા વગરની જિંદગી એટલી આનંદમય નથી હોતી..હકીકત માં વાણી એ સંયમથી વ્યક્ત કરવાની કળા છે..એનો સદંતર લોપ શક્ય નથી.

એન્ટન ચેખોવની એક વાર્તામાં એનું પાત્ર જે ખાધેપીધે સંપન્ન હોય છે જાણીતી હસ્તી હોય છે..એ પ્રોટોકોલની રીતે કોઇની સાથે વાત કરવામાં નાનપ અનુભવે છે..એ માણસ એકલો પડે ત્યારે પોતાના ઘોડા સાથે વાતો કરે છે..આવું આપણી આસપાસ અનેક રીતે થતું આપણે જોતા હોઇએ છીએ...સુખસાહેબી અને વિશાળ આવાસોમાં એકલો રહેતો માણસ સોનાની પીંજરમાં પુરાવો હોય એવું અનુભવતો રહે છે.

માણસની પાસે એક ચાહત હોય છે..એના વિચારોનો વૈભવ હોય છે..લાગણી કે પ્રેમ પામવાની મહેચ્છા એનામાં કુદરતે સહજ મુકેલી છે..આહાર માટેની માણસની જે મુળભુત વૃત્તિ છે એમાં માત્ર પેટની ભૂખ નહીં લાગણીની ભૂખ પણ અભિપ્રેત છે..પોતાની વાતનો કયાંક વિસામો મળે..કોઇકની સાથે મનગમતો સંવાદ થાય એની એને તલાશ હોય છે..એના હદયમાં જે હરખની હેલી ઉમટતી હોય છે એની પરખ કોઇ કરે એ દરેકને ગમતું હોય છે..

માણસમાત્ર સંવાદ થકી જ જીવંત રહી શકે છે...એની આ વૃત્તિ જ્યારે બેકાબૂ બને ત્યારે જ લોકો એને શાંત રહેવાની શિખામણ આપે છે..સંવાદ એ સરળ હોય,ટૂંકો હોય, એમાં આરોહ અવરોહ કે શબ્દોની સરસ પસંદગી હોય તો સહુ કોઇને એ ગમી જાય છે...કુશળ વકતાઓ અને એમનાં પ્રવચનો આપણે વારંવાર સાંભળીએ છીએ..દિવસભર આપણે મોબાઇલ ઉપર કે રૂબરૂ કેટલા બધા લોકો સાથે સંવાદ કરતા રહીએ છીએ ? મૌનની શિસ્ત સાથે વાડીના ખળખળ વહેણને વહેવા દેવું એમાં જ કદાચ સંવાદનો મહિમા રહેલો છે..!

# જમવું અને પેટ ભરવામાં ફર્ક એટલો છે, જેટલો સાથે હોવામાં અને રહેવામાં છે






કેલિફોર્નિયામાં એક નાનકડી રેસ્ટોરંટ સ્વરૂપે આરંભાયેલી અને આજે જગતની નંબર વન ફાસ્ટ ફૂડ ઇંડસ્ટ્રી બની ગયેલી મેક-ડીની રસપ્રદ કહાની

સાંજનો સાતેક વાગ્યાનો સમય હતો. કરણ, કૌશલ, સૌમ્યા, સાર્થક, નંદીની વગેરે આઠ-દસ મિત્રો ઓફિસ કામ પતાવી અમદાવાદ મોલ કે જેનુ જુનુ નામ આલ્ફા મોલ હતું એની બાજુની ગલીમાં કાર પાર્ક કરીને મિત્ર મૌલેશની રાહ જોતા ઊભા હતા. ત્યારે સૌમ્યા અને કૌષલે કહ્યું, 'યાર બહુ ભૂખ લાગી છે. મૌલેશ આવે એટલે કંઈક ખાઈ લઈએ.' તરત જ બીજા મિત્રોએ કહ્યું 'હાં, ભાઈ ભૂખ તો લાગી જ છે જલ્દી પેટપૂજા કરીએ.' કરણ અને નંદીની બોલ્યા 'આપણો સાડા સાત વાગ્યાનો મુવીનો શો છે. ઘડિયાળમાં સાત વાગ્યા છે. જમવા જવાનો પ્રોગ્રામ ફાઈનલ કરીએ તો ફિલ્મની ટિકીટ ફાડી નાખુને ?' કૌશલે કહ્યું, 'નો વરીઝ યાર, મેક-ડી હૈ ન...' મિત્રો પહોંચી ગયા મેક-ડી રેસ્ટોરન્ટમાં. ઓર્ડર આપ્યાની પાંચ જ મિનિટમાં બર્ગર, ફ્રેન્ચ ફ્રાઈઝ અને કોકને એ મિત્રો ન્યાય આપવા લાગ્યા. સાડા સાત વાગે આ મિત્રો થિયેટરમાં પહોંચી ગયા અને મુવીની મઝા માણવા લાગ્યા.

આ એક નાનકડો પ્રસંગ છે પણ ફાસ્ટ ફૂડની બોલબાલાને ઉજાગર કરવા પૂરતો છે. સમયના અભાવે ફટાફટ બુકડાઓ ભરીને પેટના સાદને સાથ આપતા લોકોની મનની અને પેટની ઈચ્છાઓ સંતોષવા 'ફાસ્ટ ફૂડ'નો કોન્સેપ્ટ વર્લ્ડ ઓવર ચાલુ થયો. ઝડપથી તૈયાર ભોજન આરોગવાનો કંસેપ્ટ વર્ષ ૧૯૧૬થી વિસ્તર્યો એમ કહેવાય. અમેરિકાના વિચિટા કેન્સાસમાં વ્હાઈટ કેસલ પહેલી ફાસ્ટ ફૂડની આઉટલેટ શરૂ થઈ હતી. કેસલમાં પાંચ સેન્ટના કિફાયતી ભાવે હેમબર્ગર ઝડપથી ગણતરીની ક્ષણોમાં મળતા હતા. બીજા વિશ્વ યુદ્ધ પછી ઉપનગરીય વિસ્તારોમાં અને હાઈ-વે ઉપર ફાસ્ટફૂટ ઉદ્યોગ વધુ ધમધમવા લાગ્યો. ૨૧મી સદીની શરૂઆતમાં માત્ર યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં ૨૦,૦૦૦ જેટલા ફાસ્ટ ફૂડ રેસ્ટોરંટ હતા. મેકડોનાલ્ડ, સબવે અને સ્ટારબક્સ જેવા કોર્પોરેશનો હજારો આંતરરાષ્ટ્રીય રીટેઈલ ચેઈન ધરાવતા થઈ ગયા હતા. વર્ષ ૨૦૨૧માં અમેરિકન ફાસ્ટફૂડ રેસ્ટોરટ્સની આવક ૨૫૦ બિલિયન યુએસ ડોલરથી વધુ હતી.

ફાસ્ટ ફૂડ ઈન્ડસ્ટ્રીમાં મેકડોનાલ્ડ રેસ્ટોરંટનો ડંકો વાગે છે. મેક-ડીનો કેસ સ્ટડી રસપ્રદ છે. વર્ષ ૧૯૪૦માં મૌરિસ અને રિચાર્ડ બે ભાઈઓએ કેલિફોર્નિયામાં એક રેસ્ટોરંટ ખોલી. આ રેસ્ટોરંટ પારંપરિક રેસ્ટોરંટ કરતા અલગ ભાત પાડતી રેસ્ટોરંટ હતી. લોકો કાર ડ્રાઈવ કરતા સીધા આવી બે થી ત્રણ મિનિટમાં જ ઓર્ડર કરેલી એમની વાનગી લઈને આગળ વધી શકતા હતા. મેક-ડી સ્થાપક બંધુઓની આગેસોચ એવી હતી કે, દરેકના ગજવાને પોસાય એવી કિંમતે ઝડપથી વાનગીઓ પિરસતા હતા. વળી વધુ માત્રામાં ખાદ્ય ચીજ-વસ્તુનું ઉત્પાદન કરતા જેથી કોસ્ટ ઈફેક્ટિવિટી રહેતી. સ્થાપનાના માત્ર ત્રણ-ચાર મહિના બાદ આ બંધુઓએ મેક-ડીમાં મર્યાદીત મેનૂ, ચોખ્ખાઈ અને ઝડપને કેન્દ્રવર્તી વિચાર બનાવીને એમના વ્યવસાયને જોરદાર રીતે આગળ ધપાવ્યો. વર્ષ ૧૯૫૪માં બિઝનેસ ટાયફૂન રે ક્રોક મેડોનાલ્ડ જોડાયા. મેક-ડી એ સમયે બિઝનેસ એક્સપાન્શન કરતું હતું. ક્રોકને એમાં વિપુલ સંભાવનાઓ જણાઈ. આજની મેક-ડીની વૈશ્વિક ઓળખ ક્રોકને આભારી છે. વર્ષ ૧૯૬૭માં ક્રોકે ફ્રેંચાઇઝી અને મેનેજમેન્ટની તાલીમ આપવા માટે અનેક દેશોમાં હેમબર્ગર યુનિર્વસીટીઓ શરૂ કરી.

હેમબર્ગર, ફ્રેન્ચ ફ્રાઈસ, કોલ્ડ્રીંક કિફાયતી ભાવે ત્રણ-ચાર મિનિટમાં જ સર્વ કરવાની મેક-ડીની શૈલી લોકોને રૂચી ગઈ. મેક ડોનાલ્ડ આજે વિશ્વના ૧૧૫ દેશોમાં ૩૭,૦૦૦ કરતાં વધુ આઉટલેટ ઉપરથી ૬૮ મિલીયન બર્ગર વેચે છે. વાર્ષિક ૧૦૦ બિલિયન બર્ગર વેચીને મેક-ડી ૨૪ બિલિયન ડોલરની રેવન્યુ જનરેટ કરે છે. મેક-ડીની આ ચમત્કારીક પ્રગતિ પાછળ એની વ્યવસાયિક કાર્યપદ્ધતિ અને મેથડોલોજી છે. મેકડોનાલ્ડના સ્થાપકોએ એન્ડ યુઝર્સ કરતા એના ૩,૭૫,૦૦૦ કર્મચારીઓ અને ૩૭,૦૦૦ રીટેઈલર્સ ઉપર સૌથી વધુ ફોકસ કર્યું છે. મેક-ડીએ 'આઈ એમ લવીંગ ઈટ'નું કેમ્પેઈન શરૂ કર્યું એ પહેલાં એના કર્મચારીઓને બેસાડી એમને પ્રથમ ટેસ્ટ કરાવી અભિપ્રાય લીધાં. એમના સુચનો મુજબ એમાં સુધારા વધારા કર્યા અને પછી જ કેમ્પેઈન વર્લ્ડ વાઈડ અમલમાં મૂક્યું. આ કેમ્પેઈન ધમાકેદાર દુનિયાભરમાં ચાલ્યું.

બીજી એક મહત્વની એ વાત ઉપર મેક-ડીએ ફોકસ કર્યું છે કે, ઝડપથી કસ્ટમરને એણે આપેલો ઓર્ડર મળી જાય. મેક ડોનાલ્ડના કોઈપણ રીટેઈલર સ્ટોર ઉપર માત્ર ત્રણ મિનિટમાં બર્ગર મળી જાય છે. વળી ઉડીને આંખે વળગે એવી ચોખ્ખાઈ મેક-ડીના રેસ્ટોરંટમાં જોવા મળતી હોય છે. બર્ગર તો હર ગલી અને નુક્કડ ઉપર મળે છે તો મેક-ડીના બર્ગરમાં શું વિશેષતા છે એવો પ્રશ્ન સહેજે મનમાં ઉદભવે. તો એનો જવાબ છે, મેકડોનાલ્ડના બર્ગર ઝડપથી, રેસ્ટોરંટની ક્લિનલીનેસ અને જે તે વિસ્તારની ફ્લેવર સાથે સર્વ થાય છે. એટલે મેક-ડીની વાનગીઓએ લોકોના હૃદયમાં સ્થાન મેળવી લીધું છે. 'ફૂડ' આગળ 'ફાસ્ટ' લાગવાનું શ્રેય પણ મેકડીને ફાળે જાય છે.

લોકલ પ્રોડક્ટ, લોકલ પીપલ અને લોકલ પ્રાઈઝ આ ત્રણ 'પી' મેકડોનાલ્ડની સફળતાનો રાઝ છે. ક્રમશઃ ફૂડ ક્વોલીટી અને વિટામીનસ-મિનરલ્સ ઉપર લક્ષ્ય કેન્દ્રીત કરવા સાથે મેકડી આજે નંબર વન 'ફાસ્ટ ફુડ' ચેઈન બની છે. લોકલ ફ્લેવરના કારણે મેકડી ધુમ કમાણી કરે છે. એકલા ભારતમાં જ મેકડી વેજીટેરીયન બર્ગર આપે છે. આપણા અમદાવાદમાં ૧૪ મેકડોનાલ્ડના આઉટલેટ છે જો કે અમેરિકાના કેલિફોર્નિયામાં મેકડોનાલ્ડના સૌથી વધુ ૧૧૬૫ રેસ્ટોરંટ આવેલા છે. મેકડીનો પહેલો સ્ટોર રીચાર્ડ અને મોરિસે કેલિફોર્નિયામાં જ શરૂ કર્યો હતો.

'આહાર હી ઉપચાર' આ સર્વકાલીન સૂત્ર જે બરાબર સમજી ગયા છે એમનું જીવન સ્વસ્થ અને નિરામય રહ્યું છે. આહાર, ઔષધ અને જીવન ઉપર ગહન અભ્યાસુ એવા બાપાલાલ વૈદ્ય એમના પુસ્તક 'દિનચર્યા'ના ૩૩ પ્રકરણોમાં સૌથી લાંબુ અને અર્થપૂર્ણ ૨૮ પાનાનું ચેપ્ટર ભોજન વિષયક ટીપ્પણીઓ ઉપર લખ્યું છે. બાપાલાલ વૈદ્યના મતે આહારમાં મધુર, ખાટું, તીખું, નમકીન, કડવું અને તુરું એમ છ રસનું સ્થાન હોવું જોઈએ. ચરકસંહિતા, ભાગવત ગીતા, વિષ્ણુપુરાણ, મહાભારત અને સ્કંદપુરાણમાં ભોજન અને એની યોગ્ય પદ્ધતિથી લેવાના મહાત્મ્યને વર્ણવતા શ્લોક જોવા મળે છે.

વૈદ્ય બાપાલાલજી કહે છે કે ખોરાક લેવા અંગે બધાને એક લાકડીએ હાંકવા બરાબર નથી. એટલે એમ કે, દરેક વ્યક્તિને આહાર સંબંધી નિયમો એક સરખી રીતે લાગુ પડી શકે નહીં. વ્યક્તિનો ઉછેર, શરીરનો બાંધો જે પ્રદેશમાં રહે છે ત્યાંની આબોહવા, સ્થાનિક પેદાશો અને એની પાચન ક્ષમતા વગેરે બાબતો ધ્યાનમાં લેવાની રહે છે. જેમ ભોજન વેળા અતિશય પાણી પીવાથી નુકસાન થાય છે એમ ભોજન વેળા કે પછી લાંબા સમય સુધી પાણી ન પીવાથી પણ ખોરાક નથી પચી શકતો. એટલે ભોજન સમયે બે-ચાર ઘુંટડા પાણી પીવાથી પાચનમાં મદદ થાય છે.

જગતના જુદા જુદા દેશો અને એના પ્રદેશોમાં ભોજનના સ્વરૂપ અને રીત સ્વાભાવિક રીતે અલગ છે. દરેક સમયે ઝડપનું તત્વ સૌથી મોખરે હોય છે. કામ ઝડપથી, દામ ઝડપથી, ભોજન ઝડપથી, પ્રેમ ઝડપથી અને નફરત પણ ઝડપથી કરવા લોકો ટેવાઈ ગયા છે. ફાસ્ટ ફૂડને પ્રોત્સાહન આપવાનો કે ફાસ્ટ ફૂડની હાની દર્શાવવાનો આશય અહીં હરગીઝ નથી. અહીં મેકડોનાલ્ડનો કેસ સ્ટડી આપવા પાછળ આજના યુગમાં લોકોની બદલાયેલી ફૂડ હેબિટને ઉજાગર કરવાનો હેતુ છે. મટિરિયાલ્સ્ટિક વર્લ્ડમાં આજે ભોજનના સત્વ અને તત્વ કરતા પૈસા કમાવાની વાતને વધુ મહત્વ આપવામાં આવે છે. આજે લોકો પાસે ભોજનના પૈસા જરૂર છે પણ યોગ્ય સમયે યોગ્ય ભોજન લેવાનો સમય નથી. જમવું અને પેટ ભરવામાં ફર્ક એટલો છે, જેટલો સાથે હોવામાં અને રહેવામાં છે.

**ધબકાર :**

**સારૂ સ્વાસ્થ્ય એ સવાર જેવુ છે, માંગવાથી નહીં પણ જાગવાથી મળે છે.**

# બાકી, એવું તો ભાઈ બન્યા કરે કે...

એવું તો ભઈ, બન્યા કરે કે,
સરલ મારગે પહાડ અચાનક ઊભો થાય;
ફૂલ અકારણ કાંટો થાય;
ભઈ, તેથી કંઈ
હતું ફૂલ, ન્હોતું કહેવાય ?
મળિયો મારગ તજી જવાય ?
એવુંયે અહીં બન્યા કરે;
પહાડ પડ્યા રહે, પગને ફૂટે પાંખો,
કાંટા પર પણ ઋજુ ફરકતી રહે આપણી આંખો;
ભલે
ન પળ એ રટ્યા કરાય !
ભલે વિરલ એ;
વિતથ કેમ એને કહેવાય !
એવું તો અહીં બન્યા કરે,
કે –
એવુંય ભઈ, બન્યા કરે,
કે –

- હસિત બૂચ

મનમાં વહેમ, મગજમાં જિદ્દ અને વાતોમાં મુકાબલો આવી જાય ત્યારે સમજી જવું કે સંબંધની હાર નિશ્ચિત છે. જિંદગીમાં એક સમય એવો જરૂર આવે છે જ્યારે વ્યક્તિએ નક્કી કરવાનું હોય છેપકેપપાનું ફેરવવું છે કે ચોપડી જ બંધ કરવી છે. ક્યારેક એવું બનતું હોય કે અમુક સંજોગોમાં અને પરિસ્થિતિઓમાં જે વ્યક્તિ આપણા જીવનમાં ખૂબ મહત્ત્વની હોય અથવા આપણી માટે ખૂબ જ હિત ઈચ્છનારી બની રહી હોય તે જ વ્યક્તિ સમય અને સંજોગો પલટાતા આપણી માટે અહિત ઈચ્છનારી બની રહે છે અથવા તો તેમનું અસ્તિત્વ જ આપણી વર્તમાન જિંદગીમાં રહેતું નથી.

કવિ શ્રી હસિત બુચની આ કવિતા ખૂબ જ માર્મિક છે. ઉપર જણાવ્યું તેમ જ્યારે કોઈ વ્યક્તિ આપણી માટે ખાસ હોય અને તેના દ્વારા જ આપણે ઊંડો આઘાત સહન કરવો પડતો હોય તે ક્ષણ આપણી માટે અસહ્ય બની જતી હોય છે. ઘણી વખત તેનાથી માણસો હતાશામાં સરી પડતા હોય છે ન કરવાનું કરી પણ બેસતા હોય છે. જેના વગર જીવનમાં આગળ વધવું શક્ય જ નથી તેવું માનતા હોઈએ તે જ આપણો પગ ખેંચીને નીચે પાડનાર વ્યક્તિઓમાની એક છે તેવું જ્યારે ધ્યાનમાં આવે ત્યારે આભ તૂટી પડે છે.

આપણને નીચે પછાડનારા આપણા જ હોવાના તે સત્ય જાણતા હોવા છતાં આપણે આ ખાડા કાન કરીએ તો આવી ખતા ખાવાનો સમય આવવાનો જ છે તે સ્વીકારવું જ રહ્યું.

સરળ રસ્તો લાગતો હોય અને સરળ વ્યક્તિ લાગતી હોય ત્યાં જ રસ્તા વચ્ચોવચ ઊંચો પહાડ આવી જાય અને સરળ વ્યક્તિની કટુતા દેખાઈ જાય તો જીવન કંઈ અટકી જતું નથી. કવિ સરસ કહે છે કે ત્યારે તો આપણામાં આપોઆપ પાંખો ફૂટતી હોય છે. તે પહાડને ઓળંગી જવા માટે તે વ્યક્તિની કટુતાને પણ જીરવી લઈને જો સમસ્થિતિને અપનાવતા શીખીએ તો આપણામાં પણ ચોક્કસ કડવાશ પછીની મીઠાશને ચાખવાનો અવસર પ્રાપ્ત થાય.

પરંતુ આપણી માનવસહજ ચેષ્ટા મુજબ આપણે જલદી બેબાકળા થઈ ઊઠીએ છીએ. પરિસ્થિતિ મુજબ રંગ બદલનારી વ્યક્તિઓ આપણા આત્મવિશ્વાસ અને શ્રદ્ધા કરતા વિશેષ નથી જ હોવાના તે સત્ય વિસરી જઈએ છીએ, અને હતાશ થઈને બેસી પડીએ છીએ. જીવનમાં બધું જ ધૂંધળું લાગવા માંડે છે. જીવન તો ખળખળ વહેતા ઝરણા જેવું છે. એ આગળ વધતું જ રહેવાનું છે. આપણે એક જગ્યાએ બેસી પડીશું તેથી કંઈ જીવન અટકવાનું નથી, ઊલટું આપણામાં લીલ ચડી જશે. જો તેની સાથે વહેતા રહીશું તો નવા નવા સફર અને નવા નવા મુકામ પ્રાપ્ત થશે.

માણસ માત્ર તો અવસરવાદી રહેવાનો જ છે, તે સત્ય કેમ વિસરી જઈએ છીએ ? વળી સિક્કાની બીજી બાજુ હોય તેમ આપણે વિચારવું જ રહ્યું કે આજે તે જે તે વ્યક્તિની પરિસ્થિતિ મુજબ આપણા તરફની કટુતા જે આપણને નુકસાન કરી રહી છે અથવા તો પીડા આપી રહી છે તે એ પીડા વધુ અસહ્ય છે કે પછી ભૂતકાળમાં તે વ્યક્તિ દ્વારા મળેલી અપરંપાર ખુશીઓ અને આનંદની એવી નાની નાની ક્ષણો વધુ મહત્ત્વની છે. પસંદગી હંમેશા આપણી પાસે જ રહેવાની છે. જો જે-તે વ્યક્તિની વર્તમાન વર્તણુક આપણને પીડા આપતી હોય તો ભૂતકાળમાં તેણે આપેલી ખુશીની પળોને યાદ કરીને તે વ્યક્તિની અત્યારની આડોડાઈને અવગણવામાં જ સાર છે.




ઘણીવાર વિચાર આવે કે આવી પરિસ્થિતિઓ આવે તે શું એવું શીખવવા માટે આવે છે કે, કોઈ દિવસ કોઈ ઉપર આંધળો વિશ્વાસ કરવો જ નહીં ? કોઈને આપણી નિકટ વધુ લાવવા જ નહીં ? કે જેથી કરીને તેઓ આપણને છેહ આપી શકે. ત્યારે એક લાગણીશીલ વ્યક્તિ તરીકે એવું કહેવાનું મન થાય કે લાગણીમાં છેતરાવાનું ભલે વારંવાર બનતું પરંતુ એથી આપણા લાગણીના સરોવરોને સૂકા કરી દેવાય નહીં. કારણકે આપણી મનની અને હૃદયની લીલાશ અને ભીનાશ આપણા જીવન માટે પણ અત્યંત આવશ્યક છે. બીજાના વ્યવહાર કેવા રહેશે તે પ્રમાણે આપણો વ્યવહાર રાખતા થઈ જઈશું તો પછી આપણું પોતિકુ અસ્તિત્વ મટી જશે. અને જાણે આપણે ચાવીવાળા રમકડાની જેમ ચાલતા થઈ જઈશું એક પ્રોગ્રામ કરેલા રોબોટની જેમ માણસને પ્રત્યેક માણસ સાથેનો માત્રને માત્ર શિષ્ટાચારપૂર્વકનો વ્યવહાર આપણને પણ જીવનથી દૂર અને જીવનના નાટકો સાથે વધુ જોડી દેશે. જીવન જીવવાનું જાણે નાટક કરતા હોઈએ તેવો ભાસ થવા લાગે તેનાથી મોટી બીજી કોઈ કમનસીબી નથી.

અરે ભઈ ! અસહ્ય દુઃખ આવે તે પણ ચેતન જીવન જીવી રહ્યા છીએ તેની નિશાની આપી જાય છે કારણ કે એ દુઃખમાંથી માર્ગ કરીને આનંદને પ્રાપ્ત કરીએ ત્યારની ખુશી અવર્ણનીય હોય છે. બાકી દુઃખી થવું, પીડા ભોગવવી, દગો સહન કરવો, આંસુ સારવા, ખભા પાછળથી વારંવાર કોઈએ મારેલી છરી કાઢવી અને વળી તેને સાફ કરીને મૂકવી તે તો આ જીવનનો ઘટનાક્રમ રહેવાનો છે. આ બધી વાતો તો આપણને ખરેખર જીવાડે છે. આપણી આ દરેક પરિસ્થિતિમાં કોઈ વખત હંમેશથી સાથે રહેલા છૂટી જાય તો કોઈ વખત એકદમ નવો ખભો પાસે આવીને આપણને આશ્વાસન આપી જાય છે. આ જ તો જીવન છે આપણે ધાર્યું હોય તેવું કશું થતું નથી તે સ્વીકારવું રહ્યું.

કોઈએ ઊભા કરેલા રોડા અને બમ્પથી ભરેલા મારગને છોડી તો ન જ દેવાય ને ! કારણ કે મંઝિલ તો એ મારગે ચાલવાથી જ મળવાની છે. ફલાણાએ મને દગો દીધો. ઢીકણાએ મને હેરાન કર્યો. પૂછડાએ ફૂલની બદલે કાંટા નાખ્યા એવું વિચારતા રહીને તેઓની ફરિયાદ કરતા રહીને આપણે ભાગી તો નહીં જ શકીએ. જેણે આજે કાંટા મૂક્યા છે, તેણે ભૂતકાળમાં પાથરેલા ફૂલો ઉપર આપણે મુસ્તાક હતા તો આજે હવે તેની જ ફરિયાદ કરીને કાગારોળ કરવા કરતા આપણે આપણો રસ્તો સ્વયં જ કરીએ તેમાં જ આપણી ઊંચાઈ છે. વાસ્તવ એ છે કે ભૂતકાળમાં આ જ છદ્મવેશી આપણી સમીપ હતો તે વિતથ(સત્ય)ને આપણે નકારવા ઈચ્છીએ તો પણ શક્ય નથી. માટે આપણો માર્ગ આપણે જ પ્રશસ્ત કરવાનો છે.

દગાખોરી, વિશ્વાસઘાત, અસત્ય, વ્યક્તિનું ડબલ ઢોલકીપણું, પીઠ પાછળના કાવતરા, દંભીઓની માયાજાળ આ બધા તત્વો આપણને અટકાવવા માટે નહીં પરંતુ વધુ દૃઢતાપૂર્વક આગળ વધવા પ્રેરે છે. આ વાતને જેટલી ઝડપથી મગજમાં ઉતારી લઈએ તેટલા ઝડપથી આપણે આનંદ સાથે મુશ્કેલીઓનો સામનો કરી શકીશું.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# 'માધવપુરના મેળામાં મ્હાલવાનો આનંદ કંઈક નોખો જ છે...'

'આ મેળામાં મ્હાલવાનો આનંદ કંઈક નોખો જ છે....'

'આ વિસ્તારમાં પ્રાકૃતિક અને ધાર્મિક સ્થળોમાં ભારતીય સંસ્કૃતિ સચવાઈ છે.'

'આ મેળો એટલે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂકમણીનો વિવાહ ઉત્સવ.'

આવા આવા અનુભવના વાક્યો દર્શકોના હૈયેથી પ્રગટતા હતા માધવપુર ઘેડના ૨૦૨૩ના મેળામાં..... મને પણ હમણાં બીજી વાર આ મેળામાં જવાનો અવસર મળ્યો... ઉત્તર-પૂર્વના રાજયોના મહાનુભાવો - મુખ્યમંત્રીઓ અને કલાકારો આવ્યા તો ગુજરાતને મુખ્યમંત્રી અને મહાનુભાવો પણ આવ્યા. રોજ રાત્રે લોક ડાયરાના કાર્યક્રમોની રમઝટ જામી....

પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ઉત્તર બાજુ બરડાના ડુંગરો પુરા થતાં સોરઠી અને વરતુ નદીના દોઆબના પ્રદેશને અને દક્ષિણ બાજુ ભારર, ઓજત અને મધવંતી નદીઓનાં પ્રદેશને ઘેડ કહે છે. આ ઘેડ શબ્દ સંસ્કૃતના 'ઘૃતઘટ' અર્થાત્ ઘીના ઘડાની સંજ્ઞાને યથાર્થ કરે છે. ઘેડ પંથક ઐતિહાસિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક વૈભવનો અણમોલ ખજાનો ધરાવે છે.

શ્રીમદ્ ભાગવતના દસમા સ્કંદમાં માધવપુરનો ઉલ્લેખ મળે છે. મહારાજા ભીષ્મકના પુત્રી રૂકમણીએ



ભગવાન શ્રીકૃષ્ણની સુંદરતા - શૌર્ય - પરાક્રમ - વૈભવની વાત સાંભલીન તેમને વરવાનું નક્કી કર્યું હતું. રૂકમણીના ભાઈ રૂકમીની ઈચ્છા હતી કે તેની બહેનના લગ્ન શિશુપાલ સાથે થાય. રૂકમણીએ સુદેવ નામના બ્રાહ્મણ સાથે શ્રીકૃષ્ણને એક પત્ર મોકલ્યો અને શ્રીકૃષ્ણએ રૂકમણીનું હરણ કર્યું. માધવપુર આવીને શ્રીકૃષ્ણ-રૂકમણીના ગાંધર્વ પ્રથાથી લગ્ન થયા.




એક કથા અનુસાર માધવપુર પાસેના વનમાં ભગવાન શ્રીકૃષ્ણએ મધુ નામના દૈત્યને સંહાર કર્યો હતો એથી આ વનને મધુવન કહેવાય છે. માધવપુરમાં આવેલું માધવરાયજીનું મંદિર ૧૩ મી સદીમાં બન્યું હોવાનું મનાય છે. માધવપુરની આસપાસ વિષ્ણુ - શિવ - મંદિરો આવેલા છે.

માધવપુરમાં દર વર્ષે ચૈત્ર સુદ નોમથી ચૈત્ર સુદ તેરસ સુધી મોટો મેળો ભરાય છે અને શ્રીકૃષ્ણ-રૂકમણીનો વિવાહ ઉત્સવ ઉજવાય છે. દર વર્ષે આ મેળામાં મ્હાલવા એક લાખથી વધુ લોકો આવે છે.

૨૦૧૮ના વર્ષથી અહીં રાજય સરકાર - કેન્દ્ર સરકાર દ્વારા મેળામાં ભારતના ઉત્તર-પૂર્વના રાજયો અને માધવપુર - દ્વારકા પશ્ચિમના ભાગ વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન મજબુત બનાવવા ઉત્તર પૂર્વના રાજયના કલાકારો - મહાનુભાવો આવે છે અને એક ભારત શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવા પ્રયત્ન થાય છે.

શ્રી માધવરાયજીનું પ્રાચીન મંદિર, ચોરી માહ્રરા, કપિલ મુનીની દેરી, શ્રી બળદેવજીનો માંડવો, મધુવન, મહારાણીનો મઠ, નાગબાઈની જગ્યા, રામદેવજી મંદિર, તારાપુરી આશ્રમ, શામદાસ મહંતનો મઠ, ચામુંડા માતાજીની ટેકરી, ખાખનાથની જગ્યા, ગદાવાવ, શ્રી મહાપ્રભુજીની બેઠક, જેવા સ્થળો અહીં દર્શનીય છે. માધવપુરનો દરિયાકિનારો પણ એટલો જ સોહામણો અને આકર્ષક છે. માધવરાજીની અને નવી હવેલીમાં શ્રી માધવરાય અને શ્રી ત્રિક્રમરાયની જુગલ જોડી બિરાજે છે.

પ્રાકૃતિક - આધ્યાત્મિક - સાંસ્કૃતિક રીતે મહત્ત્વના સ્થળ માધવપુરમાં આપણી પ્રાચીન સંસ્કૃતિના અજવાળા રેલાય છે.